# અધ્યાપક મિત્રો, કોલેજમાં પ્રથમ દિવસે શું કરશો?

સોમવારથી કોલેજો ખૂલી રહી છે. કોલેજના ક્લાસરૂમમાં પ્રથમવાર પગલું માંડવાની ખેવના ધરાવતા, જેઓ હવે કોલેજીયનોનું બિરૂદ મેળવવા અધિરા થઇ રહ્યાં છે, જેઓના હાથમાં આવતીકાલના સમાજને ઘડવાની જવાબદારી છે, તેવા સ્વપ્નશીલ નવયુવાનોના સ્વપ્નને પૂરાં કરવા તે આજના શિક્ષણજગતની પ્રાથમિક ફરજ ગણી શકાય. આવા નવયુવાનો જ્યારે કોલેજમાં પ્રવેશ કરે ત્યારે તેમનેં કોલેજના શૈક્ષણિક વાતાવરણમા સાચા અર્થમા ભેળવવા, પ્રોત્સાહન આપવા અને ભવિષ્યની તેમની ભૂમિકા સમજાવવાં જરૂરી બની રહે છે. ત્યારે આપણે જાણીએ છીએ તે મુજબ 'First Impression is Last Impression' મુજબ કોલેજનો પ્રથમ દિવસ જ અગત્યનો થઇ રહે છે. પ્રથમ દિવસથી જ જોયેલ, જાણેલ, અનુભવેલ બાબતોને આધારે તેનામાં ચોક્કસ ખ્યાલો બંધાશે, આ ખ્યાલો જ કોલેજના આવતીકાલના દિવસો માટે ખૂબ જ મહત્ત્વના થઇ પડશે.

કોલેજમાં પ્રથમ દિવસે દેખાવો જોઇતા ઉત્સાહ, નાવીન્યતા અને વિવિધતા દેખાતા નથી. પ્રથમ દિવસે જ કોલેજ કે અધ્યાપકો વિદ્યાર્થીને આકર્ષવામાં કે વિશ્વાસ અપાવવામાં નિષ્ફળ જાય છે. કેટલીક કોલેજોમાં તો પ્રથમ દિવસે જ કોઇ અધ્યાપક પોતાનો રોફ જમાવવા અંગ્રેજી માધ્યમના સહારે ભણાવવાનો દેખાડો કરવા લાગે છે, બીજા કોઇ અધ્યાપક પોતાના વિષયનું નામ જણાવી, તે માટે જરૂરી સંદર્ભ પુસ્તકોની યાદી આપશે અને ક્યાંથી મળશે તે જણાવીને કહે છે કે, " આપણે હવે પછીના તાસમાં મળીશું". તો વળી કોઇ કોલેજોમાં શિસ્તના નામે વિદ્યાર્થીઓને ધમકાવી નાંખવામાં આવે છે. કેટલાક મિત્રો ક્લાસમાં જઇને પોતે કશુંક છે તેમ બતાવવા પોતાના વખાણ કરવામાં ઉતરી જાય છે. આવી બાબતોથી દૂર રહેવું એ અધ્યાપકોનું શાણપણ ગણાય. તો પ્રશ્ન થાય કે કોલેજમાં પ્રથમ દિવસે શું કરવું કે શું ન કરવું?

પ્રથમ દિવસે અધ્યાપકે પોતાના વર્ગની ચકાસણી કરી લેવી જોઇએ. સાફસફાઇ, જરૂરી ભૌતિક સામગ્રીની ગોઠવણ કરાવી લેવી. વર્ગમાં સ્મિત સાથે સમયસર પ્રવેશવું જોઇએ. સૌ પ્રથમ તો પોતાનો ટૂંકો, સાદો તથા જરૂરી વિગતો ધરાવતો પરિચય આપવો. મારા વિના કોલેજ અધૂરી છે કે મને પૂછ્યા સિવાય કોલેજમાં કશું જ શક્ય નથી તેવો વટ મારવાથી દૂર રહેવું.ચોક્કસ આયોજન કરીને તમામ વિદ્યાર્થીઓનો પરિચય મેળવવો અને એકબીજાને કરાવવો. વધુમાં વધુ વિદ્યાર્થીઓ સહભાગી બને તેવી પ્રવૃત્તિઓ કરવી.

તમારા વિષયનું માત્ર નામ ન જણાવતાં તે વિષયનું જુદા જુદા ક્ષેત્રે શું મહત્ત્વ છે તે ટૂંકમાં જણાવો. આ વિષય માટે તમે વિદ્યાર્થીઓ પાસે કેવી અપેક્ષા રાખો છો તે પણ પ્રેમપૂર્વક સ્પષ્ટ કરો. તમારા વિષય માટેના સારાં સંદર્ભ પુસ્તકો જણાવો. તમે કોલેજમાં માર્ગદર્શન માટે સરળતાથી ક્યારે અને ક્યાં મળી શકશો તે જણાવો. કોલેજની વિદ્યાર્થીઓને લગતી વહીવટી અને શૈક્ષણિક બાબતો જણાવો. જેમકે હાજરી, સમય, એસાઇન્મેન્ટ, અન્ય સુવિધાઓ, બસપાસ, બેંકમાં ખાતું ખોલાવવું વગેરે.

અધ્યાપકનો વિદ્યાર્થી સાથેનો શાબ્દિક અને અશાબ્દિક વર્તન વ્યવહાર તેમજ કોલેજમાં દીવાલ પર કે પાટીયા પર લખેલ સૂચનાઓ પણ વિદ્યાર્થીના માનસ પર હકારાત્મક કે નકારાત્મક અસર કરે છે. કોલેજમાં કરવા જેવી અને ન કરવા જેવી કેટલીક બાબતો નીચે જણાવેલ છે.

(૧) શાબ્દિક - કરવા જેવી બાબતો -

Thanks very much, Congratulations. How can I help? I appreciate your help. I enjoy having you here, I understand. I like that idea!, I think you can. I like what you did., You are unique. That's even better. I'd like your opinion. What do you think? Of course I have the time. I am impressed. You made me feel good. I think you can do it. .Please tell me more.

ન કરવા જેવી બાબતો -

Keep out. Use your head. You can't do that. I don't care what you do. Not bad for a girl. Don't be so stupid. You don't want to learn. You don't have the ability. You ought to know better. You must do as I say. Anybody can do that. That's a childish viewpoint. That's stupid. So what? Because I said so, that's why. You'll never make it. Sit down and shut up.

(૨) અશાબ્દિક વર્તન વ્યવહાર - કરવા યોગ્ય –

A relaxed posture, Smiling, Listening carefully, Shaking hands, Opening a door for someone, Being on time, Sending a thoughtful note, Sharing an experience, Gazing warmly, Noticing new clothes, Waiting your turn, Congratulating someone, Using a napkin, Expressing regret, Waving with both hands, Giving a thumbs-up sign

અશાબ્દિક વર્તન વ્યવહાર – ન કરવા યોગ્ય –

Giving a thumbs-down sign, Interrupting, Looking at your watch, Yawning in someone's face, Shaking your finger at someone, Slamming a door, Turning you back on someone, Making fun of a person, Leaving someone to answer the phone, Throwing paper on the ground, Forgetting an important date, Blowing your car horn, Talking with your mouth full, Playing with your nose Showing lack of concern, Shoving ahead, Stamping your foot, Telling a lie, Insulting a person, Talking during a movie

(૩) લખવા યોગ્ય સૂત્રો :

Please Use Sidewalks, Visitor Parking, Please Leave Message, No Appointment Necessary, Please Use Other Door, Thank You for Not Smoking, Come Back Soon, We're Glad You're Here Sorry I Missed You, Please Come Back, Visitors Welcome, Please Excuse the Unconvinced, No Waiting, May We Help You?, Please Watch Your Step, Help Us Conserve Energy

(૩) ન લખવા જેવા સૂત્રો :

Office Closed, Do Not Disturb, Keep off Grass, No Admission without Pass, No Smoking, No Admittance, Keep Out, Do Not Enter, Out of Order, No Checks Cashed, Take a Number and Wait *Keep This Door* Shut, Parking for Officials Only, For Faculty Use Only